## વાઈબ્રન્ટ ટ્રેડ શૉની સાથે-સાથે

- સવારે ૧૦ વાગ્યાથી જ ગુજરાતના વિવિધ જિલ્લામાંથી આવેલ વિદ્યાર્થીઓનો ભારે ધસારો જોવા મળ્યો હતો.
- સિનીયર સિટીઝનો માટે ગેટ પરથી કલબ કારની વ્યવસ્થા કરવામાં આવી છે.
- મોબાઈલ એ.ટી.એમ.ની પણ વ્યવસ્થા કરવામાં આવી છે.



- ફુડ કોર્ટમાં મુલાકાતીઓનો ભારે ધસારો જોવા મળ્યો હતો.
- ભારતના વિવિધ રાજયોની ચીજવસ્તુઓને નિહાળવા લોકોનો ભારે ધસારો જોવા મળ્યો હતો.
- ટેક્ષટાઈલ ઈન્ડસ્ટ્રીઝમાં મોખરે એવી ગાંધીનગર જિલ્લાની અરવિંદ મિલના સ્ટોલ પર જીન્સના કાપડનું પ્રદર્શન કરવામાં આવ્યું છે.
- ગુજરાત રાજયના મંત્રી નિતિન પટેલ અને આનંદીબેન પટેલે ચાલતા વિવિધ ડોમની મુલાકાત લીધી હતી.
- ફીઝીકલ ચેલેન્જવાળા બાળકોની વિશેષ ઉપસ્થિતિ જોવા મળી હતી.
- ડોમ નં. ૧૪માં ઓટોમાબાઈલ ક્ષેત્રની વિવિધ કંપનીની કારોનું પ્રદર્શન જોવા લોકોનો ભારે ધસારો હતો.



- જુદા જુદા રાજય સરકારની વિવિધ યોજનાઓની પ્રદર્શની તેમજ માહિતી સભર માર્ગદર્શન આપવામાં આવ્યું છે.
- સ્ટેચ્યુ ઓફ યુનિટીની પ્રતિકૃતિ સમા સરદાર સરોવર નિગમના સ્ટોલે ભારે ભીડ જોવા મળે છે.
- સૌર ઊર્જાના સ્ટોલ પર કઠપુતળી શૉનું ભારે આકર્ષણ
- બાયસેગ તરફથી મુકવામાં આવેલા સ્ટોલ ઉપરથી સેટેલાઈટ ઈમેજ દ્વારા પૃથ્વીની પડાતી તસ્વીરનું પ્રદર્શન જોવા માટે લોકો ઉમટી પડયા હતા.
- ટ્રેડ શૉની આજુબાજુના રસ્તા પર ગાડીઓની લાંબી કતારો જોવા મળે છે.



(તસવીર : દિપક જાની)

- સેન્ટ્રલ વિસ્ટા ગાર્ડનમાં મુલાકાતીઓ થાક લાગતા વિશ્રામ કરતા નજરે પડયા હતા.
- નિયત કરેલા પાર્કીંગ સૂના ભાસે છે અને સેકટરના આંતરિક માર્ગ પર ગાડીઓ ખડકાય છે.
- અવ્યવસ્થિત પાર્ક કરેલી ગાડીઓને ટોઈંગ વાનથી ખસેડવામાં આવે છે.
- વાયબ્રન્ટ પ્રદર્શનમાં વી.આઈ.પી. લોંજની અલગથી વ્યવસ્થા કરવામાં આવી છે.
- કચરો ફેંકવાની વ્યવસ્થા સ્ટોલના પાછળના ભાગમાં રાખવામાં આવી છે.
- ડોમ નં.૧૪માં કીયા વૉચ કંપની દ્વારા લાકડુ, તાંબુ, કાંસુ વગેરે દ્વારા તૈયાર કરેલી કલાત્મક ઘડીયાળનું પ્રદર્શન

# ટોફ ઓફ ધ ટાઉન બનેલા ટ્રેડ શૉ ને નિહાળવામાં યજમાન શહેર જ વંચિત...!

## કર્મચારીઓની નગરીમાં ઓફીસ અવર્સ પુરતી જ એન્ટ્રી રાખવામાં આવતા નારાજગી : સમય લંબાવવા લોકમાંગ

ગાંધીનગર, તા. ૯

વાયબ્રન્ટ સમિટને પગલે હેલીપેડ ગ્રાઉન્ડ પર પ્રદર્શન માટે શરૂ થયેલા ટ્રેડ શૉ માં મુકાયેલી કિંમતી હિરા જડિત કાર સહિતના વિવિધ આકર્ષણોને નિહાળવા માટે દિવસભર એન્ટ્રી પોઈન્ટ્સ પર લાંબી કતારો સાથે ભીડ જામે છે. પરંતુ પ્રદર્શનમાં એન્ટ્રીનો સમય ઓફીસ અવર્સ દરમ્યાન જ હોવાથી પાટનગરનો નોકરીયાત વર્ગ તથા તેમના પરિવારજનોમાં નારાજગી પ્રસરી છે. ખુલ્લા મુકાયેલા પ્રદર્શન માટેની એન્ટ્રીના સમયને સાંજે ઓફીસ અવર્સ પછી પણ બે-ત્રણ કલાક લંબાવવા માટેની લોક માંગ ઉઠવા પામી છે.

પાટનગરમાં મોટા ભાગનો વર્ગ નોકરીયાત વર્ગ છે. કર્મચારીઓની નગરી તરીકે પણ ઓળખાતા ગાંધીનગરમાં ઘર આંગણે યોજાયેલા મેગા કાર્યક્રમ ગ્લોબલ ટ્રેડ શૉ નો લાભ ખુદ યજમાન શહેરના નાગરીકો જ ન લઈ શકતા સામાન્ય નારાજગી ઉદ્‌ભવવા પામી છે. કર્મચારી અધિકારીઓ માટે ઓફીસ અવર્સ સવારે ૧૦ થી ૬નો હોય છે ત્યારે ગ્લોબલ ટ્રેડ શૉ માં એન્ટ્રીનો સમય પણ ૧૦ થી ૬ જ રાખવામાં આવ્યો હોવાથી કર્મચારી-અધિકારીઓ પોતાના વ્હાલસોયા પરીવારને દેશભરમાં ચર્ચા જન્માવનાર વાઈબ્રન્ટ ટ્રેડ શૉ તથા તેના પ્રદર્શનોને નિહાળવા પણ લઈ જઈ શકતાં નથી. દિવસભર એન્ટ્રી પોઈન્ટસ પર ભારે ભીડ લાગી હોય છે પરંતુ તેમાં ગાંધીનગર શહેરના નાગરીકો ખુબ જ ઓછા હોય છે. નિયત કરવામાં આવેલા એક્ઝીબીશનના સમયને મોડી સાંજ સુધી લંબાવવામાં આવે તો ઓફીસથી છુટીને પણ પરિવાર સાથે ગાંધીનગરવાસીઓ જઈ શકે...! જેથી ઓફીસ અવર્સ પછીના બે-ત્રણ કલાકની છુટછાટ કરીને પ્રદર્શન માટેની એન્ટ્રીના સમયમાં વધારો કરવામાં આવે તેવી લોકમાંગ ઉઠી છે.

### આજે વૈજનાથ મહાદેવ મંદિરે રૂદ્રપૂજનનું આયોજન

ગાંધીનગર, તા.૯

રૂદ્રાભિષેક મંડળ ગાંધીનગરના પ્રમુખ રવિન્દ્રભાઈ દવેના જણાવ્યાનુસાર આજે તા.૧૦મી જાન્યુઆરી ૨૦૧૩ને ગુરુવારે શ્રી વૈજનાથ મહાદેવ મંદિર, સેકટર-૨૧માં સાંજે ૪.૩૦ કલાકે રૂદ્રાભિષેક મંડળ દ્વારા રૂદ્રપૂજન યોજાશે તથા અતિરૂદ્રયજ્ઞની વિચારણા માટે સર્વેજનોએ હાજર રહેવું.

### સાદરામાં ગાંધી કથા યોજાશે

ગાંધીનગર, તા.૯

ગૂજરાત વિદ્યાપીઠના કુલસચિવ ડૉ. રાજેન્દ્રભાઈ ખીમાણીના માર્ગદર્શન હેઠળ સાદરાના મધુવન સેવા સંકુલમાં તા. ૨૬મી જાન્યુઆરી ૨૦૧૩ થી ૩૦મી જાન્યુઆરી ૨૦૧૩ દરમિયાન બપોરના ૧ થી ૪ સુધી ગાંધીકથાનું આયોજન કરવામાં આવ્યું છે.

મહાત્મા ગાંધીજીના ખોળામાં રમીને મોટા થયેલાં કેળવણીકાર, સમાજસેવક, સ્વાતંત્ર્ય સેનાની નારાયણભાઈ દેસાઈના મુખે ગાંધી વિચારોનો પ્રચાર-પ્રસાર થાય તે માટે આ ગાંધીકથાનું આયોજન કરવામાં આવ્યું છે એમ રમેશભાઈ પટેલે જણાવ્યું છે.

### સરઢવમાં શ્રીમદ્ ભાગવત સપ્તાહ પારાયણનું આયોજન

ગાંધીનગર, તા. ૯

સ્વ.મફતલાલ વિઠ્ઠલદાસ પટેલ પરિવાર તરફથી શ્રીમદ્ ભાગવત સપ્તાહ પારાયણ તા. ૨૧મી જાન્યુઆરી થી તા. ૨૭મી જાન્યુઆરી સુધી યોજાનાર છે. કથાકાર તરીકે વ્યાસપીટ પર રાજેન્દ્રભાઈ શાસ્ત્રી (પ્રોફેસર પૂરાણાચાર્ય જોષીપુરાવાળા) બિરાજશે. પોથીયાત્રા તા.૨૧મી જાન્યુઆરીએ નીકળશે. કથા પ્રારંભ થશે, કથા મહાત્મ્ય, કપિલ ભગવાન પ્રાગટ્ય, વામન અવતાર, નૃસિંહ ભગવાન પ્રાગટ્ય, રામ તથા કૃષ્ણ જન્મોત્સવ, ગોવર્ધન પૂજા અને રૂક્ષમણી વિવાહ સપ્તાહ યોજાશે. રાત્રી દરમિયાન સુંદરકાંડ, ભજન સંધ્યા, જયનારાયણ ભજન મંડળ સરઢવ, મંગલભવન સુંદરકાંડ પરિવાર કડી દ્વારા થશે. કથા સ્થળ ઉમિયા માતાજીનાં મંદિર સરઢવમાં યોજાશે.

### સિ.સિ.કા.ની મહિલા પાંખની બેઠક અને ઊંધિયા ઉજાણી યોજાશે

ગાંધીનગર, તા.૯

સિનિયર સિટીઝન્સ કાઉન્સિલ, ગાંધીનગરની મહિલા પાંખના કન્વીનર મીનાબેન શાહે જણાવ્યું છે કે, સિ.સિ.કા.ની મહિલા પાંખની આગામી બેઠક ૨૪મી જાન્યુઆરી ૨૦૧૩ને ગુરુવારે બપોરે ૧ કલાકે યોજાશે. બેઠકની સાથે સાથે ઉંધીયા ઉજાણી પણ સરિતા ઉદ્યાન, સેકટર-૯ મુકામે થશે. ઉંધિયા ઉજાણીમાં ભાગ લેવા ઈચ્છતા હોય તે તમામ બહેનોએ તેમના નામ ૧૯મી જાન્યુઆરી ૨૦૧૩ સુધીમાં સરોજબેન દેસાઈ ફોન નં. ૨૩૨૨૭૨૩૭ અથવા મીનાબેન શાહ ફોન નં. ૨૩૨૪૮૨૩૭ને નોંધાવી દેવા જણાવ્યું છે.

# શ્રમજીવી પરિવારના બાળકો માટે નવા સચિવાલય કેમ્પસમાં ટેન્ટ શાળા શરૂ કરાઈ

ગાંધીનગર, તા. ૯

નવા સચિવાલય કેમ્પસમાં વિધાનસભાની બાજુમાં ચાલતા બાંધકામ સાઈટ ઉપર મજુરી કામ કરતા પરિવારના ૬૪ બાળકોને શિક્ષણ આપવા જિલ્લા પ્રાથમિક શિક્ષણ તંત્ર દ્વારા ટેન્ટ સ્કૂલ શાળા શરૂ કરવામાં આવી છે. જેમાં શિક્ષણ લેતા બાળકોને શૈક્ષણિક મટીરીયલ આપવાની સાથે પીવાના ચોખ્ખા પાણીની સગવડ કરાઈ છે. તેમજ બે બાળમિત્રો દ્વારા બાળકોને શિક્ષણ આપવામાં આવી રહ્યું છે.

પેટીયું રળવા અન્યત્ર સ્થળાંતર કરતા શ્રમજીવી પરિવારોના બાળકો શિક્ષણથી વંચિત રહી જાય નહિ અને બાળકોનું ભાવિ ઉજ્જવળ બને તે અંતર્ગત સર્વ શિક્ષા અભિયાન દ્વારા સ્પેશિયલ ટ્રેનિંગ પ્રોગ્રામ ચલાવવામાં આવે છે. જેમાં જે વિસ્તારમાં બાંધકામ કે ઈંટવાડો ચાલતો હોય ત્યાં ટેન્ટ સ્કૂલ ઉભી કરીને કામ કરતા મજૂરોના બાળકોને શિક્ષણ આપવામાં આવે છે. નવા સચિવાલય કેમ્પમાં આવેલી વિધાનસભાની બંને સાઈટ નવા બ્લોકનું બાંધકામ ચાલી રહ્યું છે.

આ બાંધકામ કામગીરીમાં મજૂરી કામ અર્થે મધ્યપ્રદેશ તથા ઝારખંડ રાજયના ઉપરાંત ગુજરાતના છેવાડા જિલ્લાના સેંકડો મજૂરો પરિવાર સાથે રોકાઈ મજૂરી કરી રહ્યાં છે ત્યારે તે પરિવારના બાળકો માટે જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી બહાદુરસિંહ સોલંકીએ ટેન્ટ શાળા શરૂ કરી છે. તેમાં હાલમાં ૬૪ બાળકો શિક્ષણ મેળવી રહ્યા છે. શિક્ષણનો સમય બપોરે ૧૨ થી ૪નો રાખવામાં આવ્યો છે. બાળકો માટે ચોપડી, પેન, પેન્સિલ, પાથરણું સચિવાલયના અમુક અધિકારી દ્વારા દાન પેટે અપાયા છે.

સચિવાલયમાં બીજી પાંચ ટેન્ટ શાળા શરૂ કરવામાં આવશે.

# પીએસઆઈની દીકરીને ધોલધપાટ કરીને લુંટી લેનાર બે ઝડપાયા

## પરીક્ષા આપીને હોસ્ટેલ જઈ રહી હતી ત્યારે ઘ-૩ થી ગ-૩ વચ્ચેબાઈક ઉભુ રખાવી વાવોલના બે શખ્સોએ બે મોબાઈલ લુંટી લીધા હતા

ગાંધીનગર, તા. ૯

ગાંધીનગર શહેરના ઘ-૩ થી ગ-૩ તરફના માર્ગ પરથી પરીક્ષા સંપન્ન કરીને બાઈક પર બે વિદ્યાર્થીઓ હોસ્ટેલ તરફ જઈ રહ્યા હતાં તે દરમ્યાન બાઈક ઉભું રખાવીને બાઈકચાલક યુવક અને પાછળ બેસેલી પી.એસ.આઈ.ની પુત્રી બન્નેને ધોલધપાટ કરીને બાઈક પર આવેલા બે શખ્સો લુંટી ગયા હતા. રૂ. ૨૩ હજારની કિંમતના બે મોબાઈલો લુંટીને નાસી ગયેલા બન્ને શખ્સોને ગાંધીનગર એલ.સી.બી.ની ટીમે આજે ઝડપી પાડ્યા છે. વાવોલના બન્ને શખ્સોની ધરપકડ કરી સઘન પુછપરછ શરૂ કરવામાં આવી છે.

ગાંધીનગર શહેરના કિસાનનગર વિસ્તારમાં આવેલી એક હોસ્ટેલમાં રહીને કોલેજમાં અભ્યાસ કરતી નેહલબેન ચંદુભાઈ કુન્માણી પી.એસ.આઈ.ની દિકરી છે. ૨૯ ડિસેમ્બરના રોજ પ્રથમ સેમેસ્ટરની પરીક્ષા સંપન્ન કરીને નેહલબેન અને તેણીનો મિત્ર બાઈક પર હોસ્ટેલ તરફ જઈ રહ્યા હતા. ઘ-૩ થી ગ-૩ તરફથી બાઈક પર પસાર થઈ રહ્યા હતા તે દરમ્યાન એક બાઈક પર બે શખ્સો તેમની પાસે આવ્યા અને બાઈક ઉભુ રખાવીને ક્યાં જાવો છો ? કેમ જાવો છો ? કહીને બન્નેને લાફા ઝીંકી દીધા હતા અને બન્ને પાસેથી હાથમાં રાખેલા મોબાઈલો રૂ. ૨૩ હજારના આંચકીને લુંટ ચલાવી પલાયન થઈ ગયા હતા. આ સંદર્ભે પી.એસ.આઈ. પુત્રી નેહલબેનની ફરીયાદને આધારે સે. ૭ પોલીસે ગુનો નોંધી ગાંધીનગર એલ.સી.બી.ની ટીમે તપાસ શરૂ કરી હતી. બાતમીને આધારે આજે એલ.સી.બી. પી.આઈ. એસ.જી. પરમાર તથા પી.એસ.આઈ. વાઘેલાની ટીમે લુંટ ચલાવનાર બન્ને લુંટારૂને પથિકાશ્રમ સર્કલ પાસેથી ઝડપી પાડ્યા છે. મુળ મધ્યપ્રદેશનો અને હાલ વાવોલમાં રહેતો તથા કલરકામ કરીને છુટક મજુરી કરતા કુલદીપ ફુલસીંગ યાદવ અને મહેન્દ્ર મેનાજી ઠાકોરની ધરપકડ કરી લઈને ગાંધીનગર એલસીબીએ સઘન પુછપરછ હાથ ધરી છે.

# જાગૃત નાગરિક પરિષદની માસિક બેઠક યોજાઈ

ગાંધીનગર, તા. ૯

ગાંધીનગર શહેર જાગૃત નાગરિક પરિષદની માસિક બેઠક તાજેતરમાં પ્રમુખ લવજીભાઈ વાડીઆના અધ્યક્ષસ્થાને મળી હતી. જેમાં દિલ્હી ગેંગરેપ તથા લોકાયુક્તની નિમણૂંક વગેરે બાબતે સઘન ચર્ચા વિચારણા કરવામાં આવી હતી.

જાગૃત નાગરિક પરિષદની સભામાં સૌ પ્રથમ દામિની ગેંગ રેપના કૃત્યને અને મૃત્યુ પામેલ દામિનીના આત્માને ચિરંજીવ શાંતિ મળે તે બાબતે બે મિનિટનું મૌન પાળી શ્રદ્ધાંજલિ આપવામાં આવી હતી. રાજ્યમાં બનતા બળાત્કારના બનાવો અંગે પણ ચિંતા વ્યક્ત કરી આક્રોશ ઠાલવ્યો હતો. સભામાં પૂર્વ નિર્ધાર પ્રમાણે ગુજરાતમાં લોકાયુક્તની નિમણુંક અંગે નામદાર સુપ્રિમ કોર્ટનો આવેલો તાજો ચૂકાદો, ગાંધીનગર મહાનગરપાલિકા તંત્રનો નિંભર, બેજવાબહદાર અને સંવેદનશીલ જાહેર વહીવટ વગેરેની આલોચના કરાઈ હતી. નામદાર ન્યાયમૂર્તિ સત્વરે લોકાયુક્ત તરીકેનો હવાલો સંભાળીને રાજ્યમાં ઉચ્ચ કક્ષાના ભ્રષ્ટાચારને નામશેષ કરવામાં સિંહફાળો આપે તેવી અપેક્ષા સેવી છે. મહાનગરપાલિકા દ્વારા મિલકત વેરા સંબંધમાં જે નિંભર વહીવટ થયો છે તે સંબંધમાં પરિષદ દ્વારા કરવામાં આવેલી રજૂઆતોનો યોગ્ય પ્રતિસાદ ન મળતાં પરિષદે ૧૬મી જાન્યુઆરી સુધીમાં સંસ્થાને જવાબ નહી આપવામાં આવે તો ૧૭મીએ બપોરે ૧૨.૩૦ કલાકે સેકટરોના પ્રતિનિધિઓનું એક જંગી ડેપ્યુટેશન મહાનગરપાલિકાના સત્તાધીશોને મળશે તેમ જણાવ્યું છે. આ ઉપરાંત સંસ્થાની બેઠક મહિનામાં બે વખત બોલાવવાનું નક્કી થયું હતું. સભામાં લવજીભાઈ, અમૃતભાઈ, રવીન્દ્રભાઈ, રાજેન્દ્ર પારેખ, ભાનુભાઈ પુરાણી, સોમાભાઈ પરમાર, રમણલાલ શ્રીમાળી, જી.જે. ત્રિવેદી અને જે.સી. પરમારે ચર્ચામાં ભાગ લીધો હતો.

# ગિરનાર પર્વત ઉપર જૈન સાધુ પર થયેલા હુમલા બાબતે કલેકટરને આવેદન પત્ર અપાયું

ગાંધીનગર, તા.૯

દિગમ્બર જૈન સમાજના મંત્રી ચંપકલાલ શાહે એક અખબારી યાદીમાં જણાવ્યું છે કે ગિરનાર પર્વત ઉપર દિગમ્બર જૈન સાધુ ઉપર થયેલો હુમલો એક દુઃખ ઘટના છે. જૈન સાધુ સાધ્વીઓ ઉપર થતા આવા અમાનવીય બનાવો ભવિષ્યમાં ન બને તે માટે ગાંધીનગર જિલ્લા કલેકટરને જૈન બંધુઓ દ્વારા આવેદનપત્ર અપાયું હતું. અને આ અંગે રાજયપાલ, મુખ્યમંત્રી તથા ગૃહમંત્રીને પણ જાણ કરાઈ છે.

ગિરનાર સિધ્ધક્ષેત્ર ઉપર જૈન સાધુ-સાધ્વી શ્રાવકોને પર્વત ઉપર દર્શન કરવા સ્વતંત્રતા રહે અને મારામારીની કેસમકીનો સામનો કરવો પડે નહી એવી કાયમી ભય રહીત વ્યવસ્થા કરવા માટે દિગમ્બર જૈન સમાજે સરકારને પ્રાર્થના સહ વિનંતી કરી છે.

# આઈ.ટી. સેકટરમાં એડવાન્સ મોડ્યુલની તાલીમ મેળવવા જોગ

ગાંધીનગર, તા. ૯

ગાંધીનગર ઔદ્યોગિક તાલીમ સંસ્થાના આચાર્યએ એક અખબારી યાદીમાં જણાવ્યું છે કે ગાંધીનગર સેક્ટર-૧૫ની આઈ.ટી.આઈ.માં સેન્ટર ઓફ એક્સલન્સ હેઠળ આઈ.ટી. સેક્ટરમાં એડવાન્સ મોડ્યુલની તાલીમ કાર્યક્રમ યોજાશે. જેમાં પ્રવેશવાંચ્છુકોને ૩૧મી જાન્યુઆરી સુધી પ્રવેશ મળી શકશે.

ગાંધીનગર આઈ. ટી. આઈ.માં સેન્ટર ઓફ એક્સલન્સ હેઠળ આઈ.ટી. સેક્ટરમાં એડવાન્સ મોડ્યુલની તાલીમનો કાર્યક્રમ યોજાશે. આ તાલીમમાં આઈ.ટી.આઈ. કોપા સાથે અથવા બી.બી.બી.ટી.પાસ અથવા આઈ.ટી. એન્ડ ઈ.એસ.એમ. પાસ અથવા કોપા પાસ થયેલા ઉમેદવારો પ્રવેશ મેળવી શકશે. પ્રવેશ વાંચ્છુક તાલીમાર્થીઓને તાત્કાલિક તા. ૩૧મી જાન્યુઆરી સુધીમાં સંપર્ક કરવા આઈ.ટી.આઈ.ના આચાર્યએ જણાવ્યું છે.

# ઠંડીમાં ગરીબોના દ્વારે પૂ. કન્હૈયાલાલજી મહારાજ

ગાંધીનગર, તા. ૯

ગાંધીનગરમાં દરેક ઘરમાં કથાકાર તરીકે આગવી ઓળખ ધરાવતાં જાણીતા કથાકાર શ્રી કન્હૈયાલાલજી મહારાજની સમાજમાં સેવાઓ પણ જાણીતી થઈ રહી છે. તેમની ધાર્મિક કથાઓ, સુંદરકાંડ વગેરેથી લોકપ્રિય બનેલ છે. સાથે સાથે આ ધાર્મિક કાર્યક્રમોમાં લોકસમુયને સાંકળીને માનવતાનો સાદ સંભળાવીને તેઓ પોતાની અંગત રીતે ગરીબો તથા ઝૂંપડપટ્ટીઓમાં કડકડતી ઠંડીમાં થરથરતાં લોકોને રાત્રે શાલ-ગરમ ધાબળાં ઓઢાડવાનું કામ કન્હૈયાલાલજી મહારાજ પોતે મોડી રાત્રે ઝૂંપડે ઝૂંપડે ઘૂમી રહ્યા છે. આમ ૧૬૦ શાલ/ધાબળાનું વિતરણ કરેલ છે.

જેમાં એક કિસ્સો દર્દનાક જોવા મળેલ છે. ૯ માસનું કૂમળું સંતાન રાત્રીના સમયે ઠંડીમાં ધ્રુજી રહ્યું હતું. ગમે તેવા પથ્થર દિલને હચમચાવે તેવું દૃશ્ય હતું. જેને પૂ. મહારાજે ગરમ કાપડથી ઠંડી મુક્ત બનાવેલ હતું. તેના મા-બાપને પણ સાંત્વન તથા શાલ ઓઢાડી હતી. સાથે સાથે આ ગરીબોને બિસ્કીટ પણ વિતરણ કરીને ભૂખને ઠંડી પાડતા હતા.

શ્રી કન્હૈયાલાલજી મહારાજ જણાવેલ છે કે, સેકટર-૬, સેકટર-૧૩, પથિકાશ્રમ આસપાસ અનેક ગરીબો મોડી રાત્રે ઠંડીમાં ઠુઠવાતા હોય છે, તો માનવતાનો સાદ જગાડીને આ ગરીબોને મદદ કરવા માટે સહાય વસ્ત્ર/અન્ન કે અન્ય રીતે જે કોઈને કરવી હોય તો કન્હૈયાલાલજી મહારાજ, પ્લોટ નં. ૧૦૧૨/૧, સેક્ટર-૪એ, મો. ૯૪૨૮૨૧૭૫૫૭નો સંપર્ક સાધશો તો આપને ત્યાં આવીને વસ્તુઓ મેળવી ગરીબોને પહોંચાડશે.

ખરેખર, ગાંધીનગરમાં કોઈ પણ જાતના વિવાદમાં પડ્યા વગર આ ગરીબોને ઠંડીમાંથી બચાવવા આપણો નૈતિક ધર્મ છે. તો મદદ કરવા અપીલ કરેલ છે.

# આજે ગાંધીનગરમાં

### આજનો દિવસ

સૂર્યોદય : ૭.૧૬
સૂર્યાસ્ત : ૬.૧૬

### તાપમાન

મહત્તમ : ૨૬.૫ ડિ.સે.
લઘુત્તમ : ૧૦.૫ ડિ.સે.

### ભેજનું પ્રમાણ

સવારે ૫૭ ટકા ● સાંજે ૩૨ ટકા

### મનોરંજન

**સિટી પલ્સ**

: સ્ક્રીન-૧ :
ટેબલ નં.૨૧ : ૧૦.૦૦,૧૨.૩૦,૨.૪૫,૫.૦૦,૭.૩૦,૧૦.૦૦
: સ્ક્રીન-૨ :
રાજધાની એક્ષપ્રેસ : ૧.૦૦, ૪.૦૦, ૭.૦૦, ૯.૪૫
: સ્ક્રીન-૩ :
સીઝેડ ૧૨ (હિન્દી) : ૧૧.૩૦, ૨.૦૦
સીઝેડ ૧૨ (અંગ્રેજી) ૭.૧૫
દેહરાદૂન ડેરી : ૪.૩૦, ૧૦.૦૦
: સ્ક્રીન-૫ :
દબંગ-૨ : ૨.૪૫
ટેબલ નં.૨૧ :૧૦.૦૦

**સિને મેક્સ**

: સ્ક્રીન-૧ :
સીઝેડ-૧૨ (હિન્દી) :૯.૩૦, ૧૨.૦૦, ૫.૦૦, ૧૦.૦૦
દેખા જો પહેલી બાર : ૨.૩૦
લાઈફ ઑફ પાય ૩ડી(હિન્દી) : ૭.૩૦
: સ્ક્રીન-૨ :
દબંગ -૨ : ૧૦.૦૦, ૧૨.૩૦, ૩.૦૦, ૫.૩૦, ૮.૦૦, ૧૦.૩૦
: સ્ક્રીન-૩ :
રાજધાની એક્ષપ્રેસ : ૧૦.૩૦,૧.૦૦,૩.૩૦,૬.૦૦,૮.૩૦, ૧૦.૪૫
: સ્ક્રીન-૪ :
ટેબલ નં.૨૧ :૯,૧૧.૧૫,૧.૩૦, ૩.૪૫, ૬, ૮.૧૫, ૧૦.૩૦

**સૂર્યા, વાવોલ**

દબંગ -૨ : ૧૨.૪૫, ૩.૪૫, ૯.૪૫
માયા હું છું તારા પ્રેમ દિવાનો : ૧૨.૩૦, ૩.૩૦, ૯.૩૦

**મૂવી પ્લેક્સ, કલોલ**

: સ્ક્રીન-૧ :
દબંગ -૨: ૧૦.૪૫, ૧.૧૫, ૪.૧૫, ૭.૦૦, ૧૦.૦૦
: સ્ક્રીન-૨ :
સીઝેડ-૧૨ (જાબાઝ ખેલાડી) : ૧૦.૩૦, ૧.૦૦, ૬.૪૫, ૯.૪૫
ટેબલ નં.૨૧ : ૪.૦૦
: સ્ક્રીન-૩ :
ટેબલ નં.૨૧ : ૧૦.૩૦, ૬.૩૦, ૯.૩૦
રાજધાની એક્ષપ્રેસ : ૧૨.૩૦, ૩.૩૦

**ચિરાગ, કલોલ**

હું દિવાનો તારા પ્રેમનો : ૧૨.૩૦, ૩.૩૦, ૬.૩૦, ૯.૩૦

### આપની આજ

**મેષ** : આપની મહત્વકાંક્ષા અનુસાર કાર્ય પૂરા થવાનો યોગ બની રહ્યા છે. કુટુંબમાં સારું વાતાવરણ મનને પ્રસન્નતા આપશે. આપને વિરોધીઓ હેરાન-પરેસાન કરી શકે છે.

**વૃષભ** : મનોકૂળ કાર્ય થવાનો યોગ. વાહન સુખ પ્રાપ્તિનો યોગ. રાજકીય અને સામાજિક કાર્યોમાં સન્માન પ્રાપ્ત થઈ શકશે. આપના ઉદાર મન અને ક્ષમાવાન વ્યવહારના કારણે લાભ પ્રાપ્ત થવાની શકયતાઓ છે. વેપાર સારો ચાલશે.

**મિથુન** : શુભ મંગળ કાર્ય થવાનો યોગ બની રહ્યો છે. આર્થિક સમસ્યાઓ પર કાર્ય થઈ શકશે. સંતાનપક્ષ તરફથી શુભ સમાચાર પ્રાપ્ત થશે. મનોરંજન સંબંધી કાર્ય થશે.

**કર્ક** : ધાર્મિક કાર્યોમાં સમય પસાર થશે. મહત્વપૂર્ણ કાર્યોને પૂર્ણ કરશો. જ્ઞાન- શિક્ષા, સંશોધન વગેરે પર વિશેષ વ્યયનો યોગ બની રહ્યો છે. કર્મક્ષેત્રમાં સફળતા પ્રાપ્તિનો યોગની ઉપલબ્ધિ.

**સિંહ** : લંબિત પ્રકરણોમાં સફળતા પ્રાપ્તિનો યોગ.આર્થિક ક્ષેત્રમાં ભાગ્યવર્ધક ઉપલબ્ધિ પ્રાપ્તિનો યોગ.તમારી વ્યવહારકુશળતાથી વેપારમાં સફળતા પ્રાપ્ત કરી શકશો. સ્થાયી સંપતિ મળવાની સંભાવના છે.

**કન્યા** : વાહન સુખ પ્રાપ્તિ થવાનો યોગ બની રહ્યો છે. કર્મક્ષેત્રમાં ભાગ્યવર્ધક યાત્રા-પ્રવાસ થઈ શકશે. આધ્યાત્મ સંબંધી માંગલિક કાર્યોમાં વિશેષ યાત્રાની સંભાવના.

**તુલા** : જીવનસાથી અને ભાગીદારોથી વિશેષ લાભ પ્રાપ્તિ થવાની સંભાવના છે. વેપાર, કુટુંબમાં શુભકાર્યો, કર્મક્ષેત્રમાં વિશેષ ભાગીદારી સંબંધી વિવાદ થઈ શકે છે.

**વૃશ્ચિક** : આધ્યાત્મિક તેજને કારણે તમારામાં નવી ચેતનાનો સંચાર થશે. આવકનાં સ્ત્રોતમાં ભાગ્યવર્ધક વૃદ્ધિ થવાની સંભાવના છે. રોગ, કર્જ સંબંધી કાર્યોમાં લાભ વિશેષ, ધાર્મિક મહત્વનાં કાર્યોમાં સમય પસાર થશે.

**ધન** : મનમાં ઉત્સાહપૂર્ણ વિચારોને કારણે સમય સુખદ પસાર થશે. વિશિષ્ટ ખાનપાન પણ થશે. સંચિત ધનમાં વૃદ્ધિ થઈ શકે છે. ભાગ્યવર્ધક કાર્યો સફળ થઈ શકશે. ધાર્મિક ક્ષેત્રમાં વિશેષ યાત્રા-પ્રવાસ થઈ શકશે.

**મકર** : મિત્રોનો સહયોગ અને આશ્વાસન મળશે. કાર્ય યોજના પર અમલ કરવો જરૂરી. સમસ્યાઓ પર વિશિષ્ટ ચિંતન થઈ શકશે. શિક્ષા, જ્ઞાન વિશેષ નિર્ણયથી લાભ પ્રાપ્તિનો યોગ બની રહ્યો છે.

**કુંભ** : સ્વાધ્યાયમાં રુચિ વધશે. વ્યાપાર- વ્યવસાયમાં ગહન શોધ સંબંધી કાર્યો થશે. કલાત્મક ક્ષેત્રમાં શોધપૂર્ણ કાર્યો થઈ શકશે. ધાર્મિકક્ષેત્રમાં આસ્થા વધશે.

**મીન** : આર્થિક મહત્વનાં વિશેષ કાર્યો પૂર્ણ કરવામાં ભાગ્યવર્ધક સફળતા પ્રાપ્ત થવાની સંભાવનાઓ છે. કર્મક્ષેત્રમાં ગહન શોધ સંબંધી વિશેષ યોગ બની રહ્યો છે.

### ચિરવિદાય

- સ્વ. પંડ્યા શ્યામલાલ જયંતિલાલ (ઉ.વ.૫૨) પ્લોટ નં. ૫૩૦, આદર્શ નગર, સેકટર-૨૪, ગાંધીનગર.
- સ્વ. ગુરખા તેજબહાદુર હરખબહાદુર (ઉ.વ.૩૭) પ્લોટ નં. ૪૫૬/૧, સેકટર-૧૩/એ, ગાંધીનગર.
- સ્વ. દંતાણી રમેશભાઈ બાબુભાઈ (ઉ.વ.૪૨) નવા ગામ બોરીજ, સર્કિટ હાઉસની બાજુમાં, ગાંધીનગર.
- સ્વ. પરમાર સોમાભાઈ લખાભાઈ (ઉ.વ.૬૨) પ્લોટ નં. ૧૫૦/૧, સેકટર-૪/એ, ગાંધીનગર.
- સ્વ. પટેલ વિષ્ણુભાઈ અંબાલાલ (ઉ.વ.૪૫) મુ.પો. મુબારકપુર, તા. કલોલ, જિ. ગાંધીનગર.